
જન્મશતાબ્દી પુસ્તકમાળા

# ભગવાનનું કામ ખોટનો સોદો નથી.




અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર
http://awgp.org

# ભગવાનનું કામ ખોટનો સોદો નથી.

ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

દેવીઓ તથા ભાઈઓ !

દેવીઓ, ભાઈઓ ! અત્યારે બહુ સંકટનો સમય છે. દાનવતા બધે જ ફેલાયેલી છે. અત્યારે તાડકા, કુંભકર્ણ, સુબાહુ બધાં પોતાનું તાંડવનૃત્ય કરી રહ્યાં છે. અત્યારે મહાન માણસોએ મહાન કાર્યો કરવાનો સમય છે. આવા માણસોએ દરેક યુગમાં મહાન કાર્યો કર્યાં છે. મહાન માણસો જ મહાન કાર્યો કરી શકે છે. હલકા માણસો તો હલકા કામ જ કરે છે. મહાન કાર્યો કરવા માટે આત્માને જાગૃત કરવો પડે છે, તેને પ્રદીપ્ત. કરવો પડે છે. હલકા કે નાના માણસો મહાન કાર્યો કરી નથી શકતા. જે કામ હાથી કરી શકે તે નાના જીવજંતુઓ નથી કરી શકતા.

સામાન્યે જીવનો ઉદ્દેશ્ય  ફક્ત પેટ અને પ્રજનન એટલો જ હોય છે. વિશિષ્ટ માણસોનો ઉદ્દેશ્ય. એવો નથી હોતો. માણસ દેવતા બની શકે છે, પણ તેની ઇચ્છાઓ તેને બરબાદ કરી નાખે છે. તે કરોળિયાના જાળાંમાં ફસાઇને રફેદફે થઈ ગયો. તે આખી જિંદગી માત્ર બે જ કામ પાછળ ખર્ચી નાખે છે- પેટ અને પ્રજનન, પરંતુ વિશિષ્ટ માણસો એવું નથી કરતા. તેમની અંદર એક આંદોલન જાગે છે. તે સમયના પોકારને સાંભળ્યા વગર નથી રહી શકતા. તે સંકટો સામે ઝઝૂમવા માટે તૈયાર થઈ જાય છે.

મહર્ષિ વિશ્વામિત્ર દશરથ રાજાના દરબારમાં જઈ પહોંચ્યા. તેમણે કહ્યું કે આ સમય અસાધરણ છે. જો તમે આ બાળકોનું ભવિષ્ય બનાવવા માગતા હો, તેમને દેવતા બનાવવા ઇચ્છતા હો, તો મને સોંપી દો. દશરથ રાજાએ કહ્યું કે જેવી તમારી આજ્ઞા. વિશ્વામિત્ર એ બાળકોને લઈ ગયા અને ત્યારથી છેવટ સુધી એ બાળકોએ અસાધારણ કાર્યો કર્યાં. અસાધારણ માણસો અસાધારણ સમયમાં જ અસાધારણ કાર્યો કરે છે.

મોખરે બેસવાનો તથા મોખરાના કામ કરવાનો અવસર માત્ર અસામાન્ય માણસોને જ મળે છે. એ લોકો જ વિશિષ્ટ સમયને ઓળખી શકે છે. સમયની અસાધારણતા સામાન્ય માણસને તો દેખાતી જ નથી. ગુરુ ગોવિંદસિંહજી સમયની વિશેષતાને ઓળખી શકયા હતા કારણ કે તેઓ વિશિષ્ટ વ્યક્તિ હતા. તેઓ દેશને ગુલામીની બેડીઓમાંથી કઈ રીતે છોડાવી શકાય તે વિચારી શકયા. તેમણે વિચાર્યું કે જો દરેક માણસ પોતાના બાળકોને બહાદુર સૈનિકોની માફક કેળવે અને તેમની પાસે એવા જ કામ કરાવે તો સમાજમાં એક નવો આદર્શ સ્થાપિત થઈ શકે. તેમણે એ આવશ્યકતાની ગંભીરતા સમજીને શરૂઆત પોતાનાથી જ કરવાનું નક્કી કર્યું. આવા કામ માટે બીજાના સંતાનો માગતા પહેલાં પોતાના બાળકોને જ તેમાં જોડવા એ વધારે યોગ્ય ગણાય. આમ વિચારીને તેમણે પોતાના ચારેય દીકરાઓને વારાફરતી આ આંદોલનને સમર્પિત કરી દીધા. તેના પરિણામે ગુલામીની જંજીરો તોડવાના એ આંદોલનમાં ચાર લાખ લોકોએ ઝુકાવી દીધું. જ્યારે આંદોલને વેગ પકડયો ત્યારે જ તેમણે વિરામ લીધો.

## અસામાન્ય બનો, અવસરને ઓળખો

મિત્રો ! સ્વતંત્રતા સંગ્રામના મંડાણ ક્યાંથી થયા? પંજાબમાંથી. આઝાદીની લડાઇમાં પોતાનો ફાળો આપનાર અને તેને જલદ બનાવનાર સૌથી પહેલા રાજા હતા-રણજિતસિંહ. ત્યારબાદ બીજા લોકો તેમાં જોડાતા ગયા. આ કામ જબરદસ્તીથી થતું નથી, પરંતુ લોકોની અંદર એક જોશ પેદા થઈ જાય છે અને તેઓ પોતાની મરજીથી બલિદાન માટે ઝંપલાવે છે. ગાંધીજીએ સૌથી પહેલાં પોતાની જાતને આગળ કરી, તો તેમની પાછળ લાખો માણસો બલિદાન માટે તૈયાર થઈ ગયા.

ગાંધીજીને જેલમાં પૂર્યા બાદ આખો દેશ ભડકે બળવા લાગ્યો . સ્વરાજ્યની ચળવળ ક્યાંથી શરૂ થઈ ? પોતાની જાતથી. આપત્તિકાળની સમસ્યાઓનો ઉકેલ કેવળ પોતાની જાત વડે જ લાવી શકાય. આવા હિંમતભર્યાં કાર્યો એવા અસાધારણ લોકો જ કરી શકે છે, જે અસાધારણ સમયને ઓળખી લે છે.

મિત્રો! અસામાન્ય માણસ પોતે જ આગળ ચાલીને સમાજને સમજાવે છે કે તેનો સિદ્ધાંત કેટલો મહત્વપૂર્ણ છે. તેને માટે પોતાની જાતનું બલિદાન આપવું પડે છે, તો જ લોકો આગળ આવે છે. આવી હિંમત વિશિષ્ટ માણસ જ દાખવી શકે. લોકો પહેલાં એ માણસની પરખ કરે છે કે એ પોતાના સિદ્ધાંતમાં મક્કમ છે કે નહિ અને એવી કસોટીમાંથી પાર ઊતરે તો જ લોકો એના કહેવાથી મેદાને પડે છે. ભગવાન બુદ્ધે પોતાના વહાલા શિષ્યો ને સૌથી પહેલાં ઘરબાર છોડવાનો આદેશ આપ્યો હતો. ભગવાન બુદ્ધે માત્ર લોકોને ધનસંપત્તિ અને સંતતિ મળવાના આશીર્વાદ જ આપ્યે રાખ્યા હોત તો, આખા વિશ્વમાં ધર્મચક્રના ફેલાવાની જે ક્રાંતિ થઈ તે કદાચ ના થઈ હોત.

ઋષિઓ શું કરતા? શું તેઓ ખાલી માળા ફેરવે રાખતા હતા ? ના બેટા, તેઓ માળા ફેરવવા ઉપરાંત આખો દિવસ સમાજની સેવા કરતા હતા. આજે તો લોકો એકદમ હલકા કામ માટે તરત તૈયાર થઈ જાય છે. કોઈને મહાન કાર્યો કરવાનો વિચાર જ નથી આવતો. તમે પણ જો તપસ્વી, સંત કે ઋષિઓની જેમ નાનામાં નાનું સેવાનું કાર્ય કરવા માંડશો તો તમારા જીવનમાં પણ ચમત્કાર થઈ જશે. તેઓ વ્યક્તિની, સમાજની, દેશની, ધર્મની અને સંસ્કૃતિના સેવા કરતા હતા. લોકોના દુઃખદર્દ દૂર કરતા. ભગવાન બુદ્ધે આમ એશિયામાં જ નહિ, પરંતુ આખી દુનિયામાં પરિવર્તન આણ્યું હતું. તેઓ ત્યાગ અને તપની સાક્ષાત્ મૂર્તિ હતા. તમે મહોરું પહેરીને સાચા હનુમાનજી બની શકતા નથી. તેને માટે એમના જેવો ત્યાગ કરવો પડે છે.

ઋષિઓમાં એક વિશેષતા હોય છે. તેઓ સમયને ઓળખી શકે છે અને બધાની આગળ આવીને ઊભા રહે છે. ઉપરાંત બીજાને ઉપદેશ આપતા પહેલાં પોતાને એને યોગ્ય બનાવવાનો પ્રયાસ કરે છે, જેથી સમાજ ઉપર તેનો પ્રભાવ પડે. પછી જ લોકો એમને અનુસરતા હોય છે.

યુગનિર્માણ યોજનાની વાત કંઈક એવી જ છે. મારા ગુરુએ મને કહ્યું કે તારે આગળ ચાલવું પડશે અને હું ચાલી નીકળ્યો. એના પછી લાખો લોકો એમાં જોડાયા. લક્ષ્મણનું અનુકરણ ભરતે અને ભરતનું અનુકરણ શત્રુધ્નેય કર્યું.

એ પ્રમાણે રામચંદ્રજીના અનુકરણની શૃંખલા ચાલી. બધા પ્રજાજનો તેમના અનુયાયી થઈ ગયા. તેના પરિણામે રામરાજ્યની સ્થાપના થઈ શકી.

મિત્રો! દુનિયાની ઢબ જ એવી છે, જ્યારે વિશિષ્ટ લોકો વિશિષ્ટ કામ માટે નીકળી પડે છે ત્યારે જ કાંઈક નક્કર કામ થાય છે. આ દુનિયામાં પ્રાણતત્વ અને જીવંત ચેતનાથી ભરપૂર એવા કેટલાય નાનામોટા માણસો હતા. જ્યારે તેમણે આગળ કદમ વધાર્યાં કે તરત જ લોકો એમની પાછળ ચાલવા લાગ્યા. આપણે મહારાણા પ્રતાપનું જીવનચરિત્ર જાણીએ છીએ. તેમને શેની ખોટ હતી ? તેઓ ખાતાપીતા રાજકુટુંબના સભ્યે હતા અને તેમની પાસે બધી જ વસ્તુઓ હતી. પરંતુ જ્યારે તેમનામાં સ્વરાજની ભાવના જાગૃત થઈ ત્યારે તેમણે રાજપાટ છોડીને જંગલની વાટ પકડી. તેમણે પોતાના કુટુંબની પણ પરવા ન કરી. એ તો રાજા હતા. ઇચ્છત તો પોતાના ખાવાપીવાની વ્યવસ્થા ગોઠવી શકત, તેમ છતાંય તેઓ બરબાદ થઈ ગયા, જંગલોમાં ભટકતા રહ્યા, ઘાસની રોટલી ખાતા રહ્યા, પરંતુ પોતાના ધ્યેયને છોડયું નહિ. બંદા વૈરાગી જેવા લોકોની બરબાદીની વાત તમે કદાચ નહિ જાણતા હો. એ દિવસોમાં કેટલાક લોકોએ પોતાની દીકરીઓનાં લગ્ન મોગલ રાજાઓ સાથે કરી દીધા હતા. તેઓ રાજપૂત રાજાઓ જ હતા. એ જ જમાનામાં એ વિદેશી આક્રમણકારો સામે લડત આપતા રહીને જાતને કુરબાન કરી દીધી હોય તેવા પણ ઘણા લોકો હતા. એમણે આઝાદીની લડતની આગમાં પોતાના પરિવારોને હોમી દીધા, પણ પોતાના ગૌરવને ઊણી આંચ ન આવવા દીધી. એ લોકો વિશિષ્ટ હતા. તેમણે વિશિષ્ટ સમયને ઓળખીને તેનો સામનો કર્યો.

### શું તમે સમજદાર છો?

તમે ઘણા સમજુ માણસ છો. જો અમે ન હોત તો આ જમાનામાં જ્યારે અડધી દુનિયા મરવા પડી છે ત્યા રે તમે લોભ, મોહ, વાસના કે તૃષ્ણાથી ભરપૂર જીવન ના જીવતા હોત. તમે તમારા ફાયદાનું વિચારો છો. મિત્રો ! હું એમ કહેવા માગું છું કે આ વિશિષ્ટ સમય છે, તેને ઓળખવાની કોશિશ કરો. જો તમને આંખ હોય તો જુઓ, ના હોય તો મારે કશું કહેવાનું રહેતું નથી. તમે અધ્યાત્મવાદી હો તો તમારે કાંઈક કરવું જોઇએ.

તમે અધ્યાત્મવાદી હો તો તમારે કાંઈક કરવું જોઇએ. તમને સ્વતંત્રતા અને સંપત્તિ મળી છે એટલા માટે તમારે સમાજ માટે કાંઈક કરવું જોઇએ. સમાજસેવા કરવી જોઇએ.

માણસ જ્યારે બીજાના દુખદર્દ સમજીને તેમને દૂર કરવાનો અને તેને પ્રસન્ન બનાવવાનો પ્રયત્ન કરે ત્યારે જ તેને અધ્યાત્મવાદી કહી શકાય. આવા માણસોએ બીજાના દુખદર્દ દૂર કરવા માટે બલિદાન આપવું પડે છે. એટલા માટે તમારે પણ તમારી જાતને તપાસવી જોઇએ. જપ ભલે કરો પણ એનાથી પ્રાપ્ત ઊર્જાને સમાજના કષ્ટનિવારણ માટે વહેંચી દેવી જોઇએ, તો જ તમે ઋષિ કે સંત ગણાશો.

મેં હંમેશા પ્રેમ વહેંચ્યો  છે અને તમે પણ પ્રેમ વહેંચો એમ હું ઇચ્છું  છું. હું એક સંત છું એટલા માટે બીજાની મદદ કરવી, તેમને ઊંચા લાવવા અને તેમની પ્રગતિનો રાહ ખુલ્લો કરી આપવો એ મારી નૈતિક ફરજ છે. આપણે આપણા સહવાસીઓ અને પડોશીઓનો ખ્યાલ રાખવો જોઇએ. જો કોઈ માંદું હોય તો આપણે તેને દવાખાને પહોંચાડવામાં મદદ કરવી જોઇએ. તે જ પ્રમાણે મિત્રો, આપણે જે જમાનામાં જીવી રહ્યા છીએ એનો પણ ખ્યાલ કરવો જોઇએ. આ સમયમાં આપણે આગળ વધીને આ યુગની સમસ્યાઓને હલ કરવી જોઇએ.

મિત્રો ! આ સમય સંકટનો છે. આજે સમગ્ર માનવજાત સંકટના આરે ઊભી છે. એવા આરે કે જો તેની ભેખડો ધસી પડે તો આખી માનવજાત પતનની ખાઈમાં ઊંધે માથે ખાબકશે અને તેનું ભારે અહિત થશે. એટલે માણસનું ભવિષ્ય  અંધકારમય છે. આવી અસામાન્ય સ્થિતિમાં અસામાન્ય માણસને શાંત બેસી રહેવું પાલવે નહિ. કદાચ સારું પણ થઈ શકે એમ છે, જો કે એની શક્યતાઓ ખૂબ ઓછી છે.

આ આપત્તિકાળ છે. અત્યારે વૈજ્ઞાનિકો, બુદ્ધિજીવીઓ અને અર્થશાસ્ત્રીઓ-ત્રણેયે ભેગા મળીને રાવણ, મેઘનાદ અને કુંભકર્ણ જેવો ત્રાગડો રચ્યો છે. બુદ્ધિવાદ એટલો જડ બની ગયો છે કે સિદ્ધાંત અને આદર્શ નામશેષ થઈ ગયા છે. વિજ્ઞાન, અર્થ અને બુદ્ધિ-ત્રણેયે મળીને શાલીનતાની સીતાનું અપહરણ કર્યું છે.

ધર્મ અને અધ્યાત્મરૂપી રામ લક્ષ્મણ કકળતા હૈયે ભટકી રહ્યા છે. માણસ પ્રેમ, આદર્શ, શાલીનતા સઘળું ભૂલી બેઠો છે. અને માનવદેહમાં પિશાચ બનીને બેઠો છે. આજની પરિસ્થિતિઓ જોતા માણસ બરબાદ થઈને જ રહેશે એવું લાગે છે. આજે વસ્તીવધારો એવો બેફામ બન્યો છે કે જો આમ ને આમ ચાલશે તો અણુબોમ્બની કોઈ જરૂર જ નહિ પડે. માણસો ભૂખ-તરસથી તરફડીને જ મરવા માંડશે.

મિત્રો ! કુટુંબમાં માણસો જેમ વધતા જશે તેમ બધાને તકલીફ વેઠવી પડશે. આજના જમાનામાં જેમ પરિવાર મોટો એટલી અશાંતિ વધારે. આજની પરિસ્થિતિમાં દરેક માણસે એ વિચાર કરવો જોઇએ કે કુટુંબ વધારવામાં મને કોઈ ફાયદો નથી, પરંતુ એનાથી ફક્ત બરબાદી જ થશે. જાપાનીઓ આ બાબતમાં વિચાર કરે છે. તેઓ ઇચ્છે છે કે બાળકો ન હોય.

આજે સામાજિક સહકારનું વાતાવરણ ખતમ થઈ રહ્યું છે. આજનો માણસ એટલો લોભી અને સ્વાર્થી થઈ ગયો છે કે તેને જોતા બધી શ્રેષ્ઠ માનવીય પરંપરાઓ નષ્ટ થઈ જવાની છે. માણસ કદાચ દુશ્મનોથી ડરતો હોય કે ના ડરતો હોય, પણ પોતાના કુટુંબીજનોથી તો અવશ્ય ડરે જ છે કે ક્યાંક ખોટા ચક્કરમાં ફસાવી તો નહિ મારે ને ? મિત્રો ! એવો જમાનો આવતો દેખાય છે કે જેમાં માણસો જીવશે કે મરશે એ તો હું નથી કહેતો, પરંતુ માણસની અંદર આત્મીયતા કે માનવતા જરૂર નાશ પામી હશે. વધી રહેલી વસ્તીને કારણે, આગળ વધી રહેલા વિજ્ઞાનને કારણે, વધી રહેલી બુદ્ધિને કારણે અને વધી રહેલી માણસની સ્વાર્થવૃત્તિને કારણે માણસ લાગણીશૂન્ય બની ગયો છે. હું અને તમે આવા જ ખરાબ સમયમાં જીવી રહ્યા છીએ.

જો પરિસ્થિતિ આવી ને આવી રહી તો આપણું ભવિષ્ય દિવસે દિવસે ખરાબ થતું જશે. રાજકારણીઓ આપણને અંધારા રસ્તે દોરી રહ્યા છે. આજના કહેવાતા વિદ્વાનો પણ ગેરમાર્ગે દોરી રહ્યા છે. ધર્મગુરુઓ અને સંત-મહંતોના આચારવિચાર જોઇને રડવું આવે છે. તેમના કામ જોઇને કંપી જવાય છે કે હે ભગવાન, આ તેઓ શું કરી રહ્યા છે?

આજે દુનિયામાંથી માણસાઈ નાશ પામી છે. માણસની અંદર સૌથી મહાન વસ્તુ હતી, માણસની અંદર જે દેવત્વ હતું તે આજે નાશ પામી રહ્યું છે. માણસની અંદર બેઠેલો ભગવાન ધૂંધળો થતો જાય છે. ભગવાન એટલે આદર્શ અને આદર્શ એટલે શ્રેષ્ઠ વિચારો.

મિત્રો! આપણને જે ભગવાનની જરૂર છે, જે આપણને ઊંચા લાવે છે તેનું નામ છે- આદર્શ, સિદ્ધાંત. એનું નામ છે માનવીય ગૌરવ. તે સમાપ્ત થતું જાય છે. મને આવી અંધકારમય સ્થિતિ જોઇને દુઃખ થાય છે કે જો આમાં કોઈ ફેરફાર નહિ કરીએ તો ભવિષ્યમાં માણસ માણસના લોહીનો તરસ્યો  થઈ જશે. તેનું જીવન બરબાદ થઈ જશે.

### આવનારા દિવસો આવા હશે

મિત્રો ! હવેના દિવસોમાં માણસ માણસનું લોહી પીશે. માણસ માણસનું માંસ ખાશે. માણસ માણસને પરેશાન કરશે, દુઃખ આપશે. માણસ માણસનો જીવ ખાશે. આવનાર સંકટના સમયનું આ જે ચિત્ર મેં તમને બતાવ્યું છે તે જરા પણ ખોટું નથી. આગામી દિવસોમાં પૈસા, અનાજ, અક્કલ બધું જ વધશે, પરંતુ આ જ પૈસા, અનાજ અને અક્કલ આપણને ભરખી જશે. માણસ હેરાનપરેશાન થઈ જશે. વિશ્વવિદ્યાલયો ખૂબ ખૂલશે, કારખાનાંઓ ખૂબ ખૂલશે, પરંતુ હું તમને ચેતવણી આપું છું કે મોંઘવારી અકલ્પનીય રીતે વધશે. કોઈપણ ચીજ બહુ મુશ્કેલીથી મળશે. લોખંડની કિંમત વધતી વધતી સોના જેટલી થઈ જશે. જો અત્યારથી આપણે સાવચેતીનાં પગલાં નહિ લઇએ તો આપણી પર મુસીબતોના પહાડ તૂટી પડવાના છે.

આ આપત્તિકાળની સૌથી મોટી આવશ્યકતા છે- માણસનું આધ્યાત્મિકતા સાથે જોડાણ. જેઓ આધ્યાત્મિકતા પારસ સાથે જોડાઈ જશે તે સોના જેવા થઈ જશે. વિવેકાનંદ, દયાનંદ એ બધા પારસ બની ગયા. લોખંડ પણ પારસના પથ્થરને અડે તો તે સોનું બની જાય છે. લોખંડ જેવા હલકા માણસો પણ જો અધ્યાત્મરૂપી પારસના સંપર્કમાં રહેશે તો સોના જેવા એટલે કે ગુણવાન, પ્રાણવાન, તેજવાન અને સમૃદ્ધિવાન બની જશે. તેમની બુદ્ધિ, આદર્શ અને સિદ્ધાંતો મહાન બની જશે.

તેઓ શ્રેષ્ઠ અને મહાન બની જશે.

મિત્રો ! મરતી વખતે પણ જો કોઈ અમૃત પી લે તો તે બચી જાય એમ કહેવાય છે. નહિ મહારાજજી, શાસ્ત્રો -પુરાણોમાં તો અમૃત વિશે ઘણું ઘણું લખેલું છે. બેટા ! હું એની જ વાત કરી રહ્યો છું. એ પીવાથી માણસ અજરઅમર થઈ જાય છે. જેમ કે ગાંધીજીએ હરિશ્ચંદ્ર નાટક જોયું અને હરિશ્ચંદ્ર બની ગયા. ગાંધીજી મરી ગયા ? ના, બેટા ! ગાંધીજી મરી શકે ? ઈસુ ખ્રિસ્ત મરી ગયા છે ? ના, બેટા ! એ શી રીતે મરી શકે ? ભગવાન બુદ્ધ મરી ગયા ? ના, એ મર્યા નથી. એ તો અમર થઈ ગયા. કેવા માણસો અમર થાય છે ? એવા માણસો કે જેમની અંદર શાલીનતા ઉત્પન્ન થઈ જાય છે, જેમના રોમેરોમમાં આદર્શ અને સિદ્ધાંત વણાઈ જાય છે. આવા માણસો અમર થઈ જાય છે.

## તમારી જાતને ઓળખો

આ આપત્તિકાળ છે. એક બાજુ સુંદર ભવિષ્યનાં સપના સજાવ્યાં છે, તો બીજી બાજુ વિનાશની લીલા પણ મોઢું ફાડીને ઊભી છે. તમે બંનેની વચ્ચે ઊભા છો. તમને કશું દેખાતું નથી કે તમે કોણ છો ? તમે જાગૃત આત્મા છો. મેં જે હાર યુગદેવતા માટે બનાવ્યો છે તે ઇશ્વરના આ બગીચાના ઉત્તમમાં ઉત્તમ પુષ્પોમાંથી બનાવ્યો છે. યુગદેવતાના ચરણોમાં સારામાં સારો હાર ચઢાવી શકાય તે માટે સરસ ફૂલો જ પસંદ કર્યા છે. મેં તમને ખૂબ મુશ્કેલીથી શોધી કાઢયા છે. મેં સારાં સારાં રત્નો શોધ્યાં છે. મેં તમારી પાસે અખંડજયોતિ મોકલી હતી. તમે મંગાવી હતી ? ના, મેં મોકલી હતી. જે રીતે રામલક્ષ્મણને શોધવા વિશ્વામિત્ર દશરથ રજા પાસે ગયા હતા તે જ રીતે હું તમને તમારા પિતાજી પાસેથી શોધી લાવ્યો છું. રામકૃષ્ણ પરમહંસે વિવેકાનંદ પાસે જઇને શું કહ્યું હતું ? કહ્યું હતું કે તું નોકરી કરવા ઇચ્છે છે ? મારું કામ તારા વગર અટકી પડયું છે અને તું નોકરીના ચક્કરમાં પડયો છે ? હું લોકોને મુક્ત કરાવવા આવ્યો  છું. મારું કામ જુદી જાતનું છે. હું રાષ્ટ્રને તથા સમાજને નવી દિશા ચીંધવા આવ્યો  છું. તું નોકરી કરવા પેદા નથી થયો. તારે આ બધામાં મારી જોડે રહેવાનું છે. રામકૃષ્ણ પરમહંસે એમને દબાણથી સમજાવ્યા અને એ તેમની સાથે ચાલી નીકળ્યા.

બેટા, તું પણ સમજતો કેમ નથી ? હું તને મજબૂર કરી રહ્યો છું. તું મારી પાસે આવતો રહે છે ખરો, પણ ઇચ્છાઓ લઈને. જો ઊંચી ભાવનાઓ લઈને આવ્યો હોત તો તું ધન્ય થઈ જાત. હું જ્યારે મારા ગુરુ પાસે જાઉં છું ત્યારે ઉચ્ચ ભાવનાઓ લઈને જાઉં છું. ત્યાંથી હું મહાન બનીને આવું છું.

મિત્રો ! આ શિબિરમાં તમને એકઠા કરવા પાછળ મારો ખાસ હેતુ રહેલો છે. તમે કહો છો કે અમને કુંડલિની જાગરણ શિખવાડો, બ્રહ્મવર્ચસની સાધના શિખવાડો. તમારા પૂજાપાઠ કે ભજન કીર્તન પાછળ શો હેતુ રહેલો છે તે હું સારી રીતે સમજું છું. તમને જે જોવાની ઇચ્છા છે તે હું એમ ને એમ બતાવી શકું છું. તમને પામવામાં ખાસ રસ નથી એટલે માત્ર દેખાડવાથી જ કામ ચાલી જાય એમ છે. તમે સિદ્ધિઓના નામે જે મેળવવા ઇચ્છો છો તે બધું હું તમને બતાડી દઉં તો તમને સંતોષ થઈ જશે. એવી વસ્તુઓ કે જે તમને મળી જશે, તો પણ તમે જીરવી નહિ શકો, તમે બધું મૂકીને ભાગી જશો.

સાથીઓ! જો હું તમને સાચા ભગવાન સાથે સાક્ષાત્કાર કરાવી દઇશ તો તમારે નારદજીની માફક કુંવારા રહીને સેવાકાર્યો કરવા પડશે. બુદ્ધની માફક પત્ની અને બાળકોને છોડીને પરમાર્થમાં લાગી જવું પડશે. બુદ્ધની માફક હાથ પકડીને લઈ જાય એવા ભગવાન બતાવી દઉં? શંકરાચાર્યની માફક માની ગોદમાંથી ઉપાડી જાય એવા ભગવાન બતાવી દઉં? ચાણ્યકયની માફક વનવાસ કરવા મજબૂર કરે એવા ભગવાન બતાવી દઉં ? સમર્થ ગુરુ રામદાસની જેમ હાથ પકડીને દીક્ષા અપાવવા લઈ જાય એવા ભગવાન બતાવી દઉં?

સાથીઓ ! મારો ઉદ્દેશ્ય એ છે કે જે સાચા બ્રહ્મવર્ચસનો સ્ત્રોત છે એને તમે જાણો. મેં તમને એટલા માટે બોલાવ્યા છે કે આ વિશેષ સમય છે અને તમે મહત્વપૂર્ણ વ્યક્તિ છો. આ બધું તમને જણાવવા માટે જ બોલાવ્યા છે. મારા ગુરુએ મને બતાવી દીધું હતું કે હું એક જાગૃત આત્મા છું, હું એક વિશિષ્ટ વ્યક્તિ છું. એમણે કહ્યું હતું કે તું સામાન્ય માણસ નથી. તારે અસાધારણ કાર્યો કરવાના છે. હું એ અનુભવી ચૂકયો છું કે હું એક સામાન્ય. માણસની માફક જીવી શકું એમ નથી.

કાશ ! હું પણ તમને બતાવી શકયો હોત કે તમે કોણ છો ? તમે એક સામાન્ય માણસ નથી, તમે વિશિષ્ટ વ્યક્તિ છો. મારી ઇચ્છા  છે કે યુગપરિવર્તનના આ સંક્રાંતિકાળમાં તમે પણ મહ્ત્વપૂર્ણ કાર્યો કરી જાઓ. તો મજા આવી જશે.

હું મારા ગુરુ જેટલો સામર્થ્યવાન નથી. એમણે તો મારા પાછલા જન્મો બતાવી દીધા હતા. જ્યારે હું તમને, તમે પાછલા જન્મમાં કોણ હતા એ બતાવી શકતો નથી, છતાંય એટલું તો જરૂર કહી શકું છું કે તમે જે કક્ષાનું જીવન જીવી રહ્યા છો તે તમારે લાયક નથી. તમારી મહ્ત્વાકાંક્ષાઓ વ્યક્તિગત ન હોવી જોઇએ. જ્યારે ક્યાંક રેલગાડીનો અકસ્માત થાય અને હજારો લોકો કણસતા હોય ત્યારે ડોકટરોનું “અમે સૂતા છીએ, અત્યારે અમને સમય નથી” અમે કહેવું યોગ્ય ન ગણાય. તમારે પેલા ઘાયલોને ખાતર એક રાતની ઊંઘ છોડવી જોઇએ. એક રાતના ઉજાગરાથી તમે મરી નથી જવાના. તમારે એ જવાબદારી સમજવી જોઇએ અને એને માટે કામ કરવું જોઇએ.

### બાકીનું જીવન ક્યાંક એમ જ ન વેડફાય જાય

મિત્રો! હું તમને આ જ કહું છું કે તમારા મહ્ત્વ પૂર્ણ દિવસો એક એક કરીને નકામા પસાર થઈ રહ્યા છે. એમાં કુસંસ્કારો ભરાતા રહે છે. આ તમારે સમજી લેવું જોઇએ અને બાકીના જીવનને સમાજ ખાતર સમર્પિત કરવું જોઇએ. લોકો કહેતા હોય છે કે ઘડપણમાં એ બધું જોયું જશે, પણ એ શક્ય નથી. કુસંસ્કારો એ સમયે પણ કશું કરવા નહિ દે. એટલા માટે હું વારંવાર કહું છું કે આ વિશેષ સમય છે. એમાં તમારે કાંઈક કરવું જ રહ્યું.

મારા ગુરુજીએ મને બોલાવીને શક્તિ આપી હતી. મેં પણ તમને એવા જ એક મહ્ત્વપૂર્ણ ઉદ્દેશ્ય માટે શિબિરમાં બોલાવ્યા છે, જેથી તમે આપત્તિકાળને ઓળખી શકો. કાંઈક કરી છૂટવા માટે જો આગળ આવશો તો આ શિબિર ધન્ય થઈ જશે અને તમેય ધન્ય થઈ જશો. હનુમાનજીએ રામચંદ્રજીની સેવા માટે જાત સમર્પિત કરી દીધી, તો એક સંત કે તપસ્વીને મળવી જોઇતી તમામ વસ્તુઓ હનુમાનજીને મળી ગઈ. મારે માટે પણ આ જ વાત લાગુ પડે છે. મેં કેટલું તપ કર્યું છે તે તમે નથી જાણતા.

હું માત્ર ચાર કલાક દૈનિક તથા અંગતકામમાં ખર્ચું છું, બાકીનો બધો સમય ભગવદ્કાર્ય પાછળ જ ખર્ચું છું. મેં મારી જાતને એક સમર્થ શક્તિશાળી સત્તા સાથે જોડી દીધી છે. હું તેમનું કામ કરું છું અને તે મારું કામ કરે છે. અમે બંને અરસપરસ સંકળાયેલ છીએ. હું ઇચ્છું છું કે મારો અને તમારો સંબંધ પણ મારા ગુરુ જેવો જ હોવો જોઇએ. હું ઇચ્છું છું કે આ શિબિરની સમાપ્તિ સુધીમાં આપણે જરા વધુ નિકટ આવીએ અને એકબીજામાં ઓતપ્રોત થઈ જઇએ, તો ખૂબ આનંદ આવશે.

મિત્રો ! મારું અને મારા ગુરુનું મિલન ખૂબ મહત્વપૂર્ણ રહ્યું. મેં મારા ગુરુએ મારી પાસે રાખેલી બધી આકાંક્ષાઓ પૂરી કરવાનો પ્રયાસ કર્યો છે. જ્યારે હું ગુરુના મિલન પહેલાંના અને પછીના દિવસોની સમીક્ષા કરું છું, ત્યારે જણાય છે કે જે દિવસોમાં મેં ગુરુના આદેશ પ્રમાણે જીવવાનો પ્રયાસ કર્યો તે મારા માટે ખૂબ લાભકારી રહ્યા. આંધળા-લંગડાની જોડીનું મહત્વ આગવું છે.

આંધળાએ ચાલીને અને લંગડાએ દેખાડીને સમગ્ર કામ પૂરું કર્યું હતું. લંગડો રસ્તો બતાવે અને આંધળો તે રસ્તો કાપે, મિત્રો ! તમે અને હું મળીને આવું જ કંઈક કરી શકયા હોત તો કેવું સારું ?

હું તમને સહકાર આપું અને તમે મને સહયોગ આપો તો કેટલી મજા પડે ? જ્યારે અહીં તો તમે કહો છો કે ગુરુજી, તમે જ અમને મદદ કરો. બેટા, આ જ વાત તમારા લાભની નથી. તમે હંમેશાં સ્વાર્થની વાત જ કરો છો. હું તમને આશીર્વાદ આપં અને તમે મને કશું જ આપો, તો તમારું કામ નહિ ચાલે. એક માણસનું લોહી બીજાના શરીરમાં દાખલ કરવામાં આવે તો તે ફક્ત ત્રણ દિવસ સુધી જ કામ કરે છે.

એટલા સમયમાં રોગીના શરીરનું તંત્ર કામ કરવા લાગે છે. જયાં સુધી તમારું તંત્ર, તમારી સીસ્ટમ કામ નહિ કરે ત્યાં  સુધી મારા આશીર્વાદ પણ કામ નહિ કરે. તમે તમારી સામયિક જરૂરિયાત પૂરી કરી શકશે, પરંતુ આગળ ઉપર તો તમારો પુરુષાર્થ અને પરિશ્રમ જ કામ કરશે.

આ શિબિરમાં પુનર્ગઠનના ભાગરૂપે મેં તમને એક યોજના બનાવી આપી છે. તમે કહેશો કે ગુરુદેવ, એના વગર કામ નહિ ચાલે ? મિત્રો ! આજે દેશની સામે ઘણી બધી સમસ્યા ઓ મોં ફાડીને ઊભી છે. મેં આવી રાષ્ટ્રીય સમસ્યાઓનો ઉકેલ અધ્યાત્મ શક્તિથી લાવવાનો વિચાર કર્યો છે.

આ શક્તિઓ જ મનુષ્યને બદલવાની છે, યુગને બદલવાની છે. યુગદ્રષ્ટા પોતાની આ સુંદર કલાકૃતિ જેવી દુનિયાનો કદાપિ નાશ નહિ થવા દે તે હું સ્પષ્ટે જોઇ શકું છું. આ સૃષ્ટિ પર આવો સમય કેટલીય વાર આવી ગયો છે. ત્યારે સર્જનહાર એટલે કે પરમાત્મા અને મનુષ્ય એટલે કે જીવંત આત્માઓએ સાથે મળીને એ કાર્ય પૂરૂં કર્યું છે. આજે પણ એવી જ સ્થિતિ છે, જેમાં તમારા જેવા મૂર્ધન્યત આત્માઓએ એવું જ કામ કરવાનું છે.

આ ખોટનો ધંધો નથી

સર્જનહાર સતત સર્જન કરતો જ રહે છે. કહ્યું છે કે- યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત | અભ્યુદત્થાનમધર્મસ્ય  તદાત્માનં સૃજામ્યહમ્ ॥

આવી વિષમ પરિસ્થિતિમાં સર્જક તો પોતાની રીતે પોતાનું કામ કરશે જ, પરંતુ એના સહયોગી તરીકે મનુષ્યોએ પણ કામ કરવું પડશે. ક્રાંતિઓ થાય કે યુગપરિવર્તન થાય, એવાં મહાન કામો ઇશ્વરની ઇચ્છા અને શક્તિથી થાય છે.

તમારે અને મારેતો માત્ર નિમિત્ત બનવાનું છે. જો તમે આ જમાનાનું મહત્વનું કામ કરી શકો એમ હો, તેનું શ્રેય લેવાની સ્થિતિમાં હો, તો મારૂં તમને એક જ નિવેદન છે કે તમે મારી સાથે ચાલી નીકળો.

તમને નુકશાન નહિ જાય. મિત્રો, કંજૂસાઇ કે સંકુચિતતા ન હોય તો ખોટ જવાની કોઈ ચિંતા નથી. તમે જો એ દુર્ગુણને ત્યાગી શકો તો પછી ફાયદો જ છે. હું તમારા ભવિષ્યની ગેરંટી આપી શકું, પણ તમારી કંજૂસાઇ અને સંકુચિતતાની નહિ. તેને છોડવાના બદલામાં જે મહાનતા મળશે તે સૌથી મોટો ફાયદો છે.

મેં તમને આ શિબિરમાં એટલા માટે જ બોલાવ્યા. છે અને વારંવાર પૂછું છું કે શું આમ કરવું શક્ય છે ? હું જાણું છું કે તમારી પાસે અક્કલ વધારે છે, પરંતુ શું તમે હિંમત કરી શકશો ? હું તો મારી અક્કલ ઘટે, મહત્વાકાંક્ષીઓ ઘટે અને તમારી ભાવનાઓ વધે એવું ઇચ્છું છું. એટલા માટે તમને બોલાવ્યા હતા અને આજે વિદાય આપું છું. તમારે તમારા આદર્શ અને સિદ્ધાંતો અહીંથી લઈ જવાના છે અને તમારા ચિંતનને, તમારા કાર્યોને નવા યુગના ઘડતરમાં લગાડવાના છે. હું ઇચ્છું છું કે તમારા વિચારોની દિશા બદલાઈ જાય. તમે નવા યુગને અનુરૂપ બનવા લાગો. અત્યારે તો તમે તમારો પૂરોપૂરો સમય ભૌતિક જરૂરિયાતો પાછળ જ ખર્ચો છો. તમે માત્ર તમારા માટે જ જીવો છો. તમે પૂજા અને ભજન કરો છો, પણ જો એને બદલે સેવાસાધના કરી હોત તો તમારી આંખોમાં એક તેજ દેખાતું હોત. જેની ઉપર તમારી નજર પડે તે સાવ બદલાઈ જાય એવું તેજ હોત. પરંતુ તમે કદી એવો પ્રયત્નો જ નથી કર્યો. તમે તમારા વિચારો, લાગણીઓ અને કાર્યોને નવા યુગના કાર્યો માટે ખર્ચશો તો હું અને તમે બંને ધન્યો બની જઇશું.

મિત્રો ! મારું નિવેદન છે કે અહીંથી બહાર ગયા પછી તમારી પૂજા એવી ચમકે કે તમારી ઇચ્છાપૂર્તિ માટે માગવાનું બંધ થઈ જાય અને તમે સતત ભગવાનના કાર્યો પાછળ જાત ઓગાળવાનું જ વિચારતા લાગો. તમે એકબીજાને પ્રેમ કરવાનું શરૂ કરો. તમે પતિ-પત્ની હો તો એકબીજાને સાચા હૃદયથી પ્રેમ કરો. હું ઇચ્છું  છું કે તમે અહીંથી ભગવાનને ગોદમાં બેસાડીને જાઓ. તમારે ત્રણ સંતાન હોય તો હવેથી ચાર છે એમ માનજો. બાળકોના ભોજન તથા શિક્ષણ પાછળ ખર્ચ કરો છો, તો પછી ભગવાનને માત્ર કંકુચોખા ના ચઢાવો. તેને માટે કાંઈક ત્યાગ કરો. તમારા પ્રેમ, બુદ્ધિ, ભાવના, પરિશ્રમ અને પૈસાનો અમુક ભાગ સમાજ, સંસ્કૃતિ અને દેશને ખાતર દાન કરવો જોઇએ. હું ઇચ્છું છું કે તમારે ફૂલ, અગરબત્તી ચઢાવવા બદલે આદર્શો માટે, સિદ્ધાંતો માટે અંશદાન કરવું જોઇએ.

મિત્રો ! મારું નિવેદન છે કે અહીંથી બહાર ગયા પછી તમારી પૂજા એવી ચમકે કે તમારી ઇચ્છાપૂર્તિ માટે માગવાનું બંધ થઈ જાય અને તમે સતત ભગવાનના કાર્યો પાછળ જાત ઓગાળવાનું જ વિચારતા લાગો.

તમે એકબીજાને પ્રેમ કરવાનું શરૂ કરો. તમે પતિ-પત્ની હો તો એકબીજાને સાચા હૃદયથી પ્રેમ કરો. હું ઇચ્છું છું કે તમે અહીંથી ભગવાનને ગોદમાં બેસાડીને જાઓ. તમારે ત્રણ સંતાન હોય તો હવેથી ચાર છે એમ માનજો. બાળકોના ભોજન તથા શિક્ષણ પાછળ ખર્ચ કરો છો, તો પછી ભગવાનને માત્ર કંકુચોખા ના ચઢાવો. તેને માટે કાંઈક ત્યાગ કરો. તમારા પ્રેમ, બુદ્ધિ, ભાવના, પરિશ્રમ અને પૈસાનો અમુક ભાગ સમાજ, સંસ્કૃતિ અને દેશને ખાતર દાન કરવો જોઇએ. હું ઇચ્છું છું કે તમારે ફૂલ, અગરબત્તી ચઢાવવા બદલે આદર્શો માટે, સિદ્ધાંતો માટે અંશદાન કરવું જોઇએ.

મિત્રો ! તમે અહીંથી બહાર જાઓ ત્યા રે સમાજ માટે દ્રષ્ટાંતરૂપ બનીને જાઓ, જેથી તમારો પ્રભાવ પડે. જ્યારે તમે લોકોને શીખવશો ત્યારે તેઓ પૂછશે કે આ ત્યાગ, શ્રમ અને સેવા માટે તમે અમને કહો છો, પણ તમે એમાંથી કશું ગ્રહણ કર્યું છે ખરૂં ? જો તમારી પાસે આનો જવાબ હશે તો જ લોકો તમારી વાત માનશે. હું લોકોને જે શીખવું છું, તે પહેલાં મારા જીવનમાં ઉતારું છું. લોકો મારી વાત માને છે તેનું કારણ આ જ છે. તમે ફરિયાદ કરો છો કે અમુક શાખાવાળા ઠંડા પડી ગયા.

બેટા ! તું પહેલાં તારી જાતને ગરમ કરી લે, બધા તારી વાત માનશે અને તારા રસ્તે ચાલવા માંડશે. હું તમને પ્રજ્ઞાપુત્ર, યુગના સર્જક, જાગૃત આત્મા કે મહામાનવના રૂપમાં જોવા ઇચ્છું છું. તમે અહીંથી બહાર નીકળ્યા પછી તમારી વાણીમાં બ્રહ્મતેજ ઉત્પન્નત થાય તેવો પ્રયાસ કરો. તમે બિલકુલ સભ્ય જીવન જીવવાનો પ્રયાસ કરો. તમે વકીલ હો તો તમારું વ્યાવહારિક કાર્ય ભલે કરો, પણ સાથે સાથે હૃદયની મીઠાશ વિકસિત થાય તે જોતા રહેજો. તમારી વાણીનો, સભ્યતાનો અને વ્યવહારનો વિકાસ થાય તેવું કરજો.

તમે અહીંથી જાઓ ત્યા રે કાંઈક લઈને જજો, કાંઈક બનીને જજો. મને તમારા વિશે પૂછે તો શું જવાબ આપવો ? તમારી અંદર સંયમશીલતા, વિનમ્રતા અને સહિષ્ણુતા આવવા જ જોઇએ, જીવનમાં પરિવર્તન આવવું જ જોઇએ. તમને જે કાંઈ મળ્યું હોય તે બધું માત્ર શરીર પાછળ જ નહિ, પરંતુ થોડું ભગવાન પાછળ પણ ખર્ચવાનું રાખો. તમે ભગવાન પાસે ક્યાં સુધી માગ્યે રાખશો ? ક્યારેક તો તેને આપવાની વાત કરો.

ગુરુજી પાસે કાંઈક માગવાને બદલે કાંઈક આપવા આગળ આવવું જોઇએ. તમારા ઝભ્ભા ઉપર જેનું પ્રતીક છે તે જ્ઞાનયજ્ઞની લાલ મશાલ તમારા અંતઃકરણમાં પ્રગટવી જોઇએ, જેથી અંદરનો અંધકાર દૂર થઈ જાય. આપણે સ્વાર્થ માટે વાપરીએ તેનો અમુક ભાગ પરમાર્થ માટે વાપરવો જોઇએ. તમારે અમુક ભાગ આદર્શો કે જનકલ્યાણ ખાતર કાઢવો જ જોઇએ.

ૐ શાંતિ!!મિત્રો ! આ શિબિર મેં એટલા માટે બોલાવી છે કે આ વિશેષ સમય છે, તેને તમે ઓળખો. પેટ ભરવાના અને પ્રજા પેદા કરવાના પ્રશ્નો તો દુનિયા બની ત્યારથી ચાલ્યા આવે છે અને ચાલતા રહેશે. તમે પણ જો એમાં રચ્યાપચ્યા રહેશો તો આ જીવન બેકાર થઈ જશે. ઊઠો, જાગો અને શ્રેષ્ઠ કાર્યો માટે કમર કસો.

આ અધ્યાત્મજ્ઞાન આપવા માટે જ મેં તમને બોલાવ્યા હતા. તે જો તમે સમજી શકો તો મારો આ પરિશ્રમ સાર્થક બનશે અને તમે પણ ધન્ય બનશો.

આજની વાત સમાપ્ત. !!

## જ્ઞાનયજ્ઞમાં તમે પણ આહુતિ આપો

સમસ્ત સંકટોનું એકમાત્ર કારણ છે - માનવીય દુર્બુદ્ધિ. જે ઉપાયથી દુર્બુદ્ધિને દૂર કરી સદ્બુદ્ધિ સ્થપાય, તે જ માનવકલ્યાણનો તથા વિશ્વશાંતિનો સમાધાનકારક માર્ગ છે.

યુગઋષિ પરમપૂજ્ય પં. શ્રીરામ શર્મા આચાર્યજીએ વર્તમાન યુગની સમસ્યાના સમાધાન માટે હજારો પુસ્તકો લખ્યાં છે. આ પુસ્તકોને જન જનને વંચાવવા તે આજનો યુગધર્મ છે. પુસ્તક સૂચિ નીચેના સરનામે પત્ર લખીને નિઃશુલ્ક મંગાવો.
પ્રાપ્તિસ્થાન : ગાયત્રી જ્ઞાનપીઠ, જૂના વાડજ, અમદાવાદ ટે.નં. ૦૭૯ ૨૭૫૫૭૨૫૨

પ્રકાશન : યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ, ગાયત્રી તપોભૂમિ, મથુરા-૩ ફોન : ૦૫૬૫-૨૫૩૦૧૨૮, ફેક્સ : ૦૫૬૫-૨૫૩૦૨૦૦

**E-Mail : yugnirman@awgp.org.**